પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૩ | ૪ સપ્ટેમ્બર, ૨૦૨૨, રવિવાર; ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારત વિશ્વનું પાંચમા નંબરનું અર્થતંત્ર

## વિપરીત આર્થિક પરિસ્થિતિ વચ્ચે પણ અવિરત આર્થિક ગતિ-પ્રગતિના કારણે ભારત આજે પાંચમાં સ્થાને અને ૨૦૨૭માં ચોથું સ્થાન પ્રાપ્ત કરશે : આ વિકાસદર યથાવત રહે તો ૨૦૨૯માં વિશ્વની ૩જી આર્થિક મહાસત્તા ભારત બની શકશે



નવી દિલ્હી, તા. ૩

ભારત વિશ્વનું પાંચમાં સ્થાનનું અર્થતંત્ર બન્યું છે. અનેકવિધ પડકારોની વચ્ચે પણ દેશની આર્થિક સ્થિતિ દિવસે - દિવસે ગતિ કરી રહી છે. કોરોના અને કોરોના બાદની મંદીની વ્યાપક અને ઘેરી અસર હોવા છતાં દેશનું અર્થતંત્ર વિશ્વના નકશામાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વૈશ્વિક બ્રેકીંગ પ્રમાણે યુકેને પાછળ રાખીને ભારત પાંચમાં સ્થાને પહોંચ્યું છે. આજ ગતિ અને વ્યાપ જળવાય તો ૨૦૨૭માં ૪થા સ્થાને જર્મનીને પાછળ રાખીને આગળ પહોંચી જાય જ્યારે ૨૦૨૯માં જો વર્તમાન વિકાસદર જળવાઈ રહેશે તો જાપાનને પાછળ રાખી વિશ્વનું ૩જા નંબરનું અર્થતંત્ર બની રહેશે તેવા એસ.બી.આઈ.ના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત વર્ષ ૨૦૧૪માં ભારત વિશ્વમાં ૧૦મું સ્થાન ભોગવતું હતું જ્યારે ૨૦૧૯માં ૭માં સ્થાને જ્યારે ૨૦૨૨માં વિશ્વના અર્થતંત્રમાં ૫માં સ્થાને પહોંચ્યું છે એનો અર્થ એ થાય કે વર્તમાન સરકારની આર્થિક નિતીની સકારાત્મક અસરો બજારોમાં વર્તાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગેહલોત બાબા રામદેવ મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા

# મંદિરમાં અશોક ગેહલોત સામે લાગ્યા મોદી-મોદીના નારા

### અધિકારીએ જણાવ્યું કે સીએમ ગેહલોતે બાબા રામદેવના મંદિરમાં પૂજા અર્ચના કરી અને રાજ્યની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી

નવી દિલ્હી,તા.૩

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત જૈસલમેર પાસે રામદેવરામાં લોકદેવતા બાબા રામદેવ મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન ત્યાં હાજર કેટલાક શ્રદ્ધાળુઓએ સીએમ અશોક ગેહલોત સામે જ મોદી મોદીના નારા લગાવવા માંડ્યા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જો કે મોદી મોદીના નારા મંદિરમાં લગાવવા છતાં સીએમ અશોક ગેહલોત મરક મરક હસતાં જોવા મળ્યા. તેમણે કોઈ પણ નારાજગી વ્યક્ત કર્યા વગર બધાનું અભિવાદન કર્યું અને આગળ વધી ગયા. અત્રે જણાવવાનું કે સીએમ અશોક ગેહલોત સામે મંદિરમાં મોદી મોદીના નારા લાગવાનો વીડિયો કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે પોતે ટ્વીટ કરી છે.



કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આ ઘટનાનો વીડિયો ટ્વીટ કરતા કેપ્શનમાં લખ્યું કે રામદેવરા પહોંચતા સીએમ ગેહલોતનું સ્વાગત આપણા પ્રધાનમંત્રીના નામના નારાથી થયું. શ્રદ્ધાળુઓ નારા લગાવીને પોતાની પસંદ જણાવી રહ્યા હતા અને ગેહલો હાથ હલાવીને અભિવાદન સ્વીકારી રહ્યા હતા.

# કોંગ્રેસની ચૂંટણીમાં મતદાર યાદી જાહેર કરવા માગ

### કોંગ્રેસના અસંતુષ્ટ વરિષ્ઠ નેતાઓના જૂથ જી-૨૩ના સભ્ય ગણાતા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણની માગણીથી વિવાદ

નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસમાં નવા અધ્યક્ષની ચુંટણીને લઈને પાર્ટીમાં ચાલી રહેલો હંગામો હવે જલ્દી શાંત થવાનો નથી તેવું લાગી રહ્યું છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવ્હાણે પણ કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીમાં મતદાર યાદી સાર્વજનિક કરવાની માંગ કરી છે. કોંગ્રેસના અસંતુષ્ટ વરિષ્ઠ નેતાઓના જૂથ જી-૨૩ના સભ્ય ગણાતા પૃથ્વીરાજ ચવ્હાણે કહ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષને ચૂંટણી માટે મતદાર યાદી સાર્વજનિક કરવા માટે સૂચના આપવી જોઈએ.

પૃથ્વીરાજ ચવ્હાણે કહ્યું હતું કે, દરેક ચૂંટણીમાં મતદાર યાદી સાર્વજનિક કરવામાં આવે છે. તેથી મતદાર યાદી વેબસાઈટ પર મુકવી જોઈએ અને મતદારોને ઈમેલ દ્વારા મતદાર યાદી આપવી જોઈએ. જો વેબસાઈટમાં કોઈ મુકવા અંગે કોઈ સમસ્યા હોય, તો ઈમેલ કરવો જોઈએ. કોંગ્રેસ અધ્યક્ષ ચૂંટણીની પારદર્શિતા જાળવવા અને કોંગ્રેસમાં સામાન્ય કાર્યકરનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે મતદાર યાદી સાર્વજનિક કરવા અથવા રસ

● અનુસંધાન પાન-૭ પર

# નવજાત બાળકનું મૃત્યુ થાય તો પણ મહિલા કર્મચારીને ૨ મહિનાની રજા

### સ્પેશિયલ મેટરનીટી લીવની આ જોગવાઈ માત્ર કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે છે, આ સિવાય રજાઓનો લાભ લેવા માટેની અન્ય શરતો પણ મૂકવામાં આવી છે

નવી દિલ્હી,તા.૩

કેન્દ્ર તરફથી મહિલા કર્મચારીઓને રાહત આપતી એક મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. બાળકના જન્મ પછી મહિલા કર્મચારીઓને મેટરનીટી લીવ મળે જ છે, પરંતુ જો કોઈ કારણોસર બાળક મૃત અવસ્થામાં જન્મે અથવા તો ડિલિવરી દરમિયાન કે પછી જન્મ પછી થોડા સમયમાં બાળકનું મૃત્યુ થાય તો આ સ્થિતિમાં પણ મહિલા કર્મચારીઓને ૬૦ દિવસની રજા આપવામાં આવશે. બાળક ગુમાવવાની પીડાનો સામનો કરવા માટે આ સમય મળવો ખૂબ જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, જો ગર્ભાવસ્થાના ૨૮ અઠવાડિયા પછી બાળક મૃત અવસ્થામાં જન્મે તો તેની ગણતરી 'સ્ટીલબર્થ' તરીકે કરવામાં આવશે અને માતાને બે મહિનાની રજા મળી શકશે. ર્દ્રિદ્વિહં 'ક ૌર્જિહહીજ્ઞ દ્રહદ્ધ 'દ્રિહેહજ્ઞ દ્વારા આ પ્રકારની સ્થિતિમાં મહિલા કર્મચારીને રજા આપવાની શું જોગવાઈ છે તેની ચોખવટ માંગતી અરજીઓ વિભાગને ઘણી વાર મળી હતી. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે ચર્ચા કર્યા પછી નિર્ણય લેવામાં આવ્યો છે કે, જન્મ પછી તરત જ જો બાળકનું મૃત્યુ થાય અથવા બાળક મૃત અવસ્થામાં જન્મે તો તે માતાની મનોસ્થિતિને ધ્યાનમાં રાખીને આ પ્રકારની સ્થિતિમાં માતાને સ્પેશિયલ મેટરનીટી લીવ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ ૬૦ દિવસની રજાનો લાભ મળી શકશે. તમને જણાવી દઈએ કે સ્પેશિયલ મેટરનીટી લીવની આ જોગવાઈ માત્ર કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે જ છે. આ સિવાય રજાઓનો લાભ લેવા માટેની અન્ય શરતો પણ મૂકવામાં આવી છે. મહિલા કર્મચારીના બે કરતા ઓછા બાળકો હોવા જોઈએ. મહિલાની ડિલિવરી સરકારી હોસ્પિટલમાં અથવા તો સરકાર માન્ય ખાનગી હોસ્પિટલમાં થવી જોઈએ. એટલે કે, સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમ

● અનુસંધાન પાન-૭ પર

## હૈદ્રાબાદે ટોમ મૂડીને સ્થાને બ્રાયન લારાને કોચ બનાવ્યો

મુંબઈ, તા.૩

આઈપીએલ ૨૦૨૩ પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે પોતાના કોચને બદલ્યા છે. બ્રાયન લારાને ટીમના નવા કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમણે ટોમ મૂડીનું સ્થાન લીધું છે. સનરાઈઝર્સ હૈદરાબાદ મેનેજમેન્ટ અને ટોમ મૂડી પરસ્પર સંમતિ બાદ અલગ થઈ ગયા અને લારાને આ અંગે જવાબદારી સોંપવામાં આવી છે. મૂડીના નેતૃત્વમાં હૈદરાબાદની ટીમે વર્ષ ૨૦૨૨માં ખૂબ જ નિરાશાજનક પ્રદર્શન કર્યું હતું.

ટોમ મૂડી અંગે જાણકારી આપતા સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે લખ્યું હતું કે, તેની સાથે અમારો કરાર સમાપ્ત થઈ રહ્યો છે.

# ગેરકાયદેસર ઈન્સ્ટન્ટ લોન મામલે તપાસના સંદર્ભે ઈડીના દરોડા

### ઈન્સ્ટન્ટ લોન સંદર્ભે ઈડીના રેઝરપે, પેટીએમ અને કેશફ્રીના ઠેકાણાં પર દરોડા : ઉપરોક્ત સંસ્થાઓ પેમેન્ટ ગેટવે/બેંક સાથે જાળવવામાં આવેલા વિવિધ મર્ચન્ટ આઈડી/અકાઉન્ટ્સ દ્વારા તેમના શંકાસ્પદ ગેરકાયદેસર કારોબાર કરી રહી હતી

નવી દિલ્હી, તા.૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ઓનલાઈન પેમેન્ટ ગેટવે રેઝરપે, પેટીએમ અને કેશફ્રી જેવી કંપનીઓના વિવિધ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે. ચાઈનીઝ વ્યક્તિઓ અથવા કંપનીઓ દ્વારા ચલાવાતી ગેરકાયદેસર ઈન્સ્ટન્ટ લોન મામલે ચાલી રહેલી તપાસના ભાગરૂપે આ દરોડા પાડવામાં આવ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૨ સપ્ટેમ્બરે ચાઈનીઝ લોન એપ કેસ સંબંધિત તપાસમાં બેંગલુરુમાં છ સ્થળોએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ ૨૦૦૨)ની જોગવાઈઓ હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ચીની વ્યક્તિઓ દ્વારા નિયંત્રિત આ એપ્સના મર્ચન્ટ આઈડી અને બેંક ખાતાઓમાં રાખવામાં આવેલા




૧૭ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

ઈડીએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, તપાસમાં જાણવા મળ્યું છે કે ઉપરોક્ત સંસ્થાઓ પેમેન્ટ ગેટવે/બેંક સાથે જાળવવામાં આવેલા વિવિધ મર્ચન્ટ આઈડી/અકાઉન્ટ્સ દ્વારા તેમના શંકાસ્પદ ગેરકાયદેસર કારોબાર કરી રહી હતી. આ સંબંધમાં રેઝરપે પ્રાઈવેટ લિમિટેડ, કેશફ્રી પેમેન્ટ્સ, પેટીએમ પેમેન્ટ સર્વિસ લિમિટેડ અને ચીની

● અનુસંધાન પાન-૭ પર

# યુએસએ તાઈવાનને ૧.૧ બિલિયન ડોલરના હથિયાર વેચવા મંજૂરી આપી

### ચીનના આક્રમક વલણ સામે યુએસનાં પગલાં : આ હથિયારોમાં ૬૦ એન્ટી-શિપ મિસાઈલ અને ૧૦૦ એર-ટુ-એર મિસાઈલ સામેલ છે

વોશિંગ્ટન, તા.૩

ચીન સાથેના તણાવ વચ્ચે અમેરિકાએ તાઈવાનને લગભગ ૧.૧ બિલિયન ડોલરના હથિયાર વેચવાની મંજૂરી આપી દીધી છે. અમેરિકી સંરક્ષણ વિભાગ પેંટાગને શુક્રવારે જણાવ્યુ કે આ હથિયારોમાં ૬૦ એન્ટી-શિપ મિસાઈલ અને ૧૦૦ એર-ટુ-એર મિસાઈલ સામેલ છે. અમેરિકાએ આ પેકેજની જાહેરાત ગયા મહિના અમેરિકી પ્રતિનિધિ સભાના અધ્યક્ષ ઉચ્ચ અધિકારી નેન્સી પેલોસીની તાઈપે યાત્રા બાદ ચીનના આક્રમક વલણને જોતા કરી હતી.

પેંટાગનના સંરક્ષણ સુરક્ષા સહકાર એજન્સી (ડીએસસીએ) એ જણાવ્યુ કે આ વેચાણમાં સાઈડવિંડર મિસાઈલ સામેલ છે જેનો ઉપયોગ એર ટુ એર અને સપાટી પર હુમલાના મિશન માટે કરવામાં આવશે. જેમાંથી અમુક ૮૫.૬ મિલિયન ડોલરના ખર્ચથી હાર્પૂન એન્ટિ શિપ મિલાઈલનો ખર્ચ લગભગ ૩૫૫ મિલિયન ડોલર અને તાઈવાનની સર્વેલન્સ રડાર પ્રોગ્રામ માટે ૬૬૫.૪ મિલિયન ડોલરના લશ્કરી સાધનો સામેલ છે. અમેરિકી સીનેટની સ્પીકર નેન્સી પેલોસીની

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલથી શરૂ થતી નવી બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

ભાડે / વેચાણ આપવાની છે
કલાસીસ / ઓફીસ શોરૂમ લાયક ૧૫૩૦ ચો.ફૂટ,
પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર.
સંપર્ક : (M) 9824065056
મકાન વેચાણ આપવાનું છે
૧૩૫ ચો. વાર, સેક્ટર-૨૮, ગાંધીનગર.
આગળ ખુલ્લો કોમન પ્લોટ
સંપર્ક : (M) 9512212227

કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી.
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ,
ગાંધીનગર ખાતે
Zydus Hospitals Cancer Centre
08 સપ્ટેમ્બર, ગુરૂવારના રોજ
ડૉ. નહુષ ટહિલિયાણી
MD, DM
(મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત
મહિનાના બીજા અને ચોથા ગુરૂવારે
ઉપલબ્ધ સારવાર
● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા
સાંજે 6.00 થી 8.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી પરસદરાય મણિશંકર વ્યાસ તા.૦૧-૦૯-૨૦૨૨ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા.૦૫-૦૯-૨૦૨૨ને સોમવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સ્વામીશ્રી સચ્ચીદાનંજી હોલ, બ્રહ્મ ભવન, વિદ્યા લાઈબ્રેરીની પાછળ, સેક્ટર-૧૬, ગાંધીનગર.

પરાગ પી. વ્યાસ (DySP), મો.૯૯૭૮૪ ૦૬૭૨૯
મનિષા પી. વ્યાસ | વંદના યુ. ભટ્ટ
નિખિલ પી. વ્યાસ | ઉદયરત્ન ભટ્ટ